# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# YAYAVAR PAKSHI GUJARAT

પ્રાણીઓ અને યાયાવર પક્ષીઓ માટે ગુજરાત સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન્યજીવ વસતિ અંદાજ અને ગણતરી મુજબ, વર્ષ 2023માં રાજ્યમાં મોર, નીલગાય, વાંદરા, કાળિયાર, દીપડા, સાંભર, ચિન્કારા સહિત અંદાજે 21 પ્રજાતિઓની 9 લાખ 53 હજારથી વધુ વસતિ નોંધાઈ હોવાનું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે..

કચ્છના બન્ની વિસ્તારમાં રાજ્યનું પ્રથમ ચિત્તા સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર બનાવવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. આ કેન્દ્ર અંગે અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા રાજ્યના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો-પાલનપુર રાષ્ટ્રીય પાર્કની મુલાકાત લઈ વિગતો મેળવી છે.

રાજ્યના થોળ અને નળ-સરોવર પક્ષી અભયારણ્યમાં જળપ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓમાં છેલ્લા 14 વર્ષમાં 355 અને 276 ટકાનોં વધારો થયો છે, જેના કારણે આ સંખ્યા 18થી 20 લાખ સુધી પહોંચી છે. ઉલ્લેખનીય છે કે, આવતીકાલે ચોથી ડિસેમ્બરે વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરાશે. આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા લોકોને જાગૃત કરવા દેશભરમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.

# MLA DELHI

રાજ્યના મંત્રીઓ અને ધારાસભ્યો આવતીકાલે દિલ્હી જશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ તમામ મંત્રીઓ અને ધારાસભ્યો દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપના પ્રદેશ

અધ્યક્ષ સી. આર. પાટીલના યોજાનારા સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

# GUJARAT POLICE SNIFFER DOG

ગુજરાત પોલીસના સ્નિફર ડૉગ્સની ટુકડીએ છેલ્લા 6 મહિનામાં આઠ ગુના ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ ટુકડીએ NDPSના 2, હત્યા, દુષ્કર્મ અને ઘરફોડના એક-એક તેમજ ચોરીના 2 ગુના ઉકેલ્યા છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પણ તાલીમબદ્ધ ડોગ્સ અને ડોગ હેન્ડલર સહિત ટુકડીની પ્રશંસા કરી સમગ્ર ટુકડીને અભિનંદન પાઠવ્યા હતા.

સત્તાવાર યાદી અનુસાર, 21 ઑક્ટોબરે ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી તાલીમબદ્ધ નાર્કોટિક્સ ડૉગ “ગુલાબ” દ્વારા સ્ટીલના ડબ્બામાં સંતાડીને લવાતા માદકપદાર્થનો જથ્થો પકડવામાં આવ્યો હતો. જ્યારે 14 ઑક્ટોબરે “કેપ્ટો” નામના શ્વાને રાજકોટના ધોરાજી વિસ્તારમાં એક આરોપીના ઘરે તપાસ દરમિયાન 12 કિલો માદક પદાર્થ પકડવામાં મદદ કરી હતી.

ઉપરાંત ચોરી, ઘરફોડ, દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર 6 ગુનાઓમાં “ટ્રેકર ડૉગ્સે” આરોપીઓ સુધી પહોંચવામાં મદદ કરી હતી. “બીના” ડૉગે ભાવનગર ખાતે હત્યાના ત્રણ આરોપીને શોધી કાઢ્યા હતા. તો “પેની” ડોગે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં થયેલી એક કરોડ સાત લાખ રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલવામાં મદદ કરી હતી.

## C. UDEPUR- AADHAR LINK

છોટા-ઉદેપુર જિલ્લામાં આધાર-કાર્ડ અપડેટ, નવા મૉબાઈલ નંબર ઉંમેરવા તેમજ રાશનકાર્ડ આધારકાર્ડ સાથે જોડવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. છોટા-ઉદેપુર તાલુકામાં જનસેવા કેન્દ્ર, કલેક્ટર કચેરી, ફરેફૂવા જૂથ ગ્રામ પંચાયત, પાલસંડા ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્ર, કલેકટર કચેરી સહિતના સ્થળ પર તો જેતપુરપાવી તાલુકામાં મામલતદાર કચેરી, મોટીબેજ ગ્રામ પંચાયત, ગઢ જૂથ ગ્રામ પંચાયત, મજીગામ જૂથ ગ્રામ પંચાયત સહિતની જગ્યાએ આ કામગીરી થઈ રહી છે.

બોડેલી તાલુકામાં મામલતદાર કચેરી, બોડેલી, બામરોલી જૂથ ગ્રામ પંચાયત, વણધા ગ્રામ પંચાયતમાં લોકો પોતાનું રાશનકાર્ડ આધારકાર્ડ સાથે જોડાણ કરાવી શકશે. જરૂરિયાત મુજબ, કિટના સ્થળની બદલી અલગઅલગ જગ્યાએ કરી આ કામગીરી થઈ રહી છે.

## BHAVNAGAR- POLIYO

ભાવનગર જિલ્લાના 5 વર્ષ સુધીના અંદાજે 1 લાખ 76 હજારથી વધુ બાળકોને પોલીયો રસીથી સુરક્ષિત કરવા 8 ડિસેમ્બરે પોલિયો રસીકરણ કરાશે. જે અંતર્ગત ગઇકાલે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ હતી.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, જિલ્લામાં કુલ 1 હજાર 110 બુથનું આયોજન કરાયું છે. કુલ 2 હજાર 86 ટુકડી દ્વારા પ્રથમ દિવસે પોલિયો બૂથ ઉપર અને બીજા અને ત્રીજા દિવસે ઘરે- ઘરે જઇ બાળકોને પોલીયોનાં ટીપાં પીવાડવામાં આવશે. આ

કામગીરીના સંચાલન માટે તેમજ કોઈ બાળક રસિકરણથી વંચિત ન રહે તે માટે 248 નિરીક્ષકો નિયુક્ત કરાયા છે.

# DR RAJENDRA PRASAD SHRADDHANJALI

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા પરિસરમાં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના તૈલચિત્રને ધારાસભ્ય, વિધાનસભા સચિવ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ શ્રી પ્રસાદના જીવનના મુક્તિસંગ્રામ સમયના સંસ્મરણોને યાદ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ ત્રીજી ડિસેમ્બર 1884ના રોજ બિહારમાં થયો હતો.